અરવલ્લી ડીસ્ટ્રીકટ કોર્ટમાં 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'નો પ્રારંભ થયો

બાળ સાહેદો માટે ભય વગરની કોર્ટરૂમ તૈયાર

મોડાસા, તા. ૧

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના આદેશ અનુસાર દેશભરમાં સંવેદનશીલ સાક્ષી કેન્દ્રો શરુ કરવામાં આવી રહ્યા છ્હે જેનો મુખ્ય હેતુ બાળ સાહેદોને કોર્ટનો ભય રાખ્યા વગર જુબાની આપી શકે અને બાળકોને અનુરૂપ આહલાદક વાતાવરણ મળી રહે તે માટે મોડાસામાં અરવલ્લી જીલ્લા અદાલત ખાતે સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રનું પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર . એ બુખારી - ઘોઘારી હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા કલેક્ટર અમૃતેશ ઓરંગાબાદકર અને જિલ્લા પોલીસવડા મયુર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા

પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર. એ. બુખારી-ઘોઘારી ના જણાવ્યા અનુસાર સર્વોચ્ચ અદાલતના આદેશ અનુસાર દેશભરમાં

સંવેદનશીલ સાક્ષી કેન્દ્રો શરૂ કરવામાં આવી રહયા છે ખાસ કરીને પોકસો તેમજ અન્ય ગંભીર પ્રકારના કેસોમાં બાળ સાહેદોને કોર્ટનો ભય રાખ્યા વગર જુબાની આપે અને તેઓને સારૂ વાતાવરણ મળી રહે તે હેતુસર ગુજરાત હાઈકોર્ટ ના આદેશ અનુસાર અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ અરવલ્લી સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું છે જેમાં બાળકો નિર્ભયતાથી અને કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર સાહેદી આપી શકે અને બાળકોને

ખાસ વાતાવરણ મળી રહે તે માટે ચિલ્ડ્રન પ્લે રૂમ,પૌષ્ટિક આહાર, બાળ સાહેદને કેન્દ્રમાં જવા - આવવા માટે અલગથી પ્રવેશદ્વાર તથા બાળ સાહેબને આરોપી અને કોર્ટ જોવા ના મળે તે રીતે ઈન - કેમેરા મારફતે બાળ સાહેદોની જુબાની નોંધી શકાય . જેથી બાળ સાહેદને કોઈ જાતનો ભય ન રહે તેવા ઉમદા હેતુ થી નિર્માણ કરવામાં આવ્યું છે

સંવેદનશિલ સાક્ષી જુબાની કેન્દ્ર નું આયોજન જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના ઈન્ચાર્જ પુર્ણ કાલીન સચિવ અને એડીનલ સિવિલ જજ આર . એમ. ચાવડા દ્વારા નામ.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે જેમાં એડીશનલ સેશન્સ જજ એ.કે. રાવ, ઈન્ચાર્જ જીલ્લા રજીસ્ટ્રાર એ. યુ. સોનગરા અને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના સુપ્રિટેન્ડેન્ટ એચ. જે.કુંપાવત દ્વારા વિશિષ્ઠ જવાબદારી નિભાવી હતી આ પ્રસંગે જીલ્લા અદાલતમાં ફરજ બજાવતા તમામ ન્યાયાધીશ તથા જીલ્લા બાર એશોસીએશનના પ્રમુખ કે. જે. ત્રિવેદી તથા તમામ વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

પોશીના તાલુકામાં દેશને આઝાદી પછી દાયકા વિત્યા છતાં પ્રાથમિક સુવિધા વિહોણો

ખેડબ્રહ્મા, તા. ૨

૧૦૮ ના કર્મચારી ઓ ની માનવતાની મહેંક સાાથે ગુજરાત રાજય માટે દુખદ ઘટના સાથે સાથે દેશ અને રાજય માટે શરમજનક ઘટના સામે આવી છે દેશ માં ૭૧ મો ગણતંત્ર દિવસ ઉજવાયો છે જયારે સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ગંછાલી ગામના આજરોજ સુધી પણ મેડીકલ સેવાઓ અને રસ્તા થી વંચિત છે જેનું તાજું ઉદાહરણ અહીંયા જોવા મળે છે આજે પણ મહિલાઓને પ્રસૂતા માટે ઝોળી માં મહીલા ને પ્રસૂતાને ૨ કિલોમીટર સુધી લાવી ૧૦૮ પ્રસૂતા ને ડીલેવરી કરાવી પડે છે ગુજરાત રાજ્યની સરકાર માટે શરમજનક બાબત છે તારીખ ૩૧ જાન્યુઆરીના રોજ બપોરના

પોશીના તાલુકાના ગંછાલી ગામના હીનાબેન ગમાંર ને પ્રસૂતિ ની પીડા ઉપડતા પતિ પ્રકાશભાઈ ગમારે ૧૦૮ ને કોલ કર્યો હતો એમ્બ્યુલન્સ આવી પણ તેમના ઘર સુધી વાહન જાય એવી કોઈ શક્યતા ઓ જ ન હોય જેને લઈને ગાડીના પાયલોટ અને ઈ એન ટી જરૂરી મેડિકલ સાધનો સામગ્રી લઈ ચાલતા ચાલતા હીનાબેન ના ઘરે પહોંચ્યા અને તાત્કાલિક મહીલા ને પ્રસૂતિ કરાવવી પડે તેમ હોઈ ઘરે પ્રસૂતિ કરાવી પરંતુ નવજાત અને પ્રસૂતાને બંનેની સારવાર જરૂરી હોય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધી લાવવા

માટે ઈ એન ટી પ્રકાશ પરમાર અને ગાડી ના પાયલોટ ધર્મેન્દ્ર ભાઈ મુનીયા તેમજ હીનાબેન નાં પતી પ્રકાશ ભાઈ ગમાર અને. ગામ ના યુવાનો દ્વારા બે કિલોમીટર દૂર ચાલી ને ઝોળી માં મહીલા અને બાળક ને ગાડી સુધી પહોંચ્યાં હતા.

ઉત્તર ગુજરાતમાં એકમાત્ર આગથળાની દીકરીની આર્મીમાં પસંદગી કરાઈ

દીકરીને વધાવવા આખું ગામ હિલોળે ચઢ્યું : મહિલા સશક્તિકરણનું બેમિસાલ ઉદાહરણ

ડીસા, તા. ૨

ગુજરાતમાં તાજેતરમાં થયેલ મહિલા આર્મી ભરતીમાં રાજ્યની પસંદ પામેલી ૫૦ દિકરીમાંથી ૭ દીકરીની આખરી પસંદગી થઈ હતી.જેમાં બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં એકમાત્ર

દીકરી ઠાકોર માયાબેન ભેમાજી (રહે. આગથળા તા. લાખણી) ની પસંદગી થઈ છે. તેણીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આગથળામાં મેળવ્યા પછી બી.એ. વિથ અંગ્રેજીમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ આર્મીમાં ભરતી થઈ ઉત્તર ગુજરાતનો રેકોર્ડ તોડ્યો છે. જે દેશ માટે પણ ગૌરવ છે. ગત પ્રજાસત્તાક પર્વે આગથળા ગામની ગુરુકૃપા હાઈસ્કૂલ ખાતે માયાબેન ઠાકોરનું દબદબાભેર સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચ સહિત આગેવાનો અને ગામના આર્મી જવાન ગળસોર શૈલેષભાઈ, સુધીરભાઈ ઠાકોર, સુરેશ દેસાઈ, આચાર્ય શેખ વગેરેએ તેણીને આશીર્વાદ આપી અન્ય દીકરા દીકરીઓને પણ આર્મીમાં ભરતી થઈ દેશની સેવા કરવા માર્ગદર્શન આપ્યુ હતુ. ત્યારબાદ તિરંગા સાથે ગામમાં રેલી કાઢીને પણ તેણીનું વિશેષ બહુમાન કરાયું હતું.ગામનું ગૌરવ વધારનાર દીકરીને વધાવવા આખું ગામ હિલોળે ચડ્યું હતું.

ધનસુરા તાલુકાના ધામણીયા ગામે આવેલા રામદેવપીરના મંદિરની અંદર મૂર્તિ ઉપર ચડાવેલા છત્રોની ચોરી કરનાર ઈસમને પોલીસે ઝડપ્યો

ધનસુરા, તા. ૨

ધનસુરા તાલુકાના ધામણીયા ગામે આવેલા રામદેવપીરના મંદિર ની અંદર મૂર્તિ ઉપર ચડાવેલા છતરો ની ચોરી કરનાર ઈસમ ને પોલીસે ઝડપ્યો.પોલીસ અધીક્ષક શ્રી અરવલ્લી- મોડાસા તથા નાયબ પોલીસ અધીક્ષક શ્રી મોડાસા વિભાગ મોડાસા એ જીલ્લામાં મીલકત સંબંધી ગુન્હા બનતા અટકાવવા તથા થયેલ ચોરી ના બનાવો ડીટેકટ કરવા માર્ગદર્શન હેઠળ ધનસુરા પોલીસ કામગીરી કરી રહી હતી તે

દરમ્યાન ધનસુરા તાલુકાના ધામણીયા ગામે આવેલા રામદેવપીરના મંદિરની અંદર મૂર્તિ ઉપર ભાવિકોએ ચડાવેલા ચાંદીના છતરો નંગ-૩ જેની કિંમત ૧૫૦૦૦ રૂપિયા ના હતા જે તારીખ ૨૬-૦૧-૨૦૨૦ ના રોજ રાત્રિના સમયે કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ જેને લઈ ધામણીયા રામદેવપીરના મંદિર પાસે રહેતા અને આ મંદિરમાં પૂજા નું કામ કરતા રમણભાઈ નાનનજીભાઈ વાદી એ ૩૧-૦૧-૨૦૨૦ ના રોજ ધનસુરા પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ આપતા ધનસુરા પોલીસ સ્ટેશન ના પો.ઈન્સ એફ.એલ.રાઠોડ તથા પોલીસ સ્ટાફના માણસોએ આ અંગે તપાસ કરતા કરાવતા આ મુદ્દામાલ ની ચોરી મહેશભાઈ ઉર્ફે મહેન્દ્રભાઈ બાબુભાઈ વાદી રહે.બહીયલ તાલુકો.દહેગામ જિલ્લો ગાંધીનગરએ કરેલ હોવાનું તપાસ દરમિયાન જણાઈ આવતા તેને તારીખ-૩૧-૦૧-૨૦૨૦ ના રોજ પકડી લઈ ગુન્હા સંબંધે પુછપરછ કરતા તેઆ જગ્યાએ મહેમાન બની આવેલ હતો.પોલીસ ને આ ઈસમ પર પુરે પુરી શંકાઓ હોય વધુ પુછપરછ માટે પોલીસ રીમાન્ડની માગણી કરી તેના નામદાર કોર્ટમાંથી પોલીસ રીમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરી રાખતાં અંતે ગુન્હાના કામે ચોરી કરી સંતાડી રાખેલો હતો તે અસલ મુદ્દામાલ બતાવતા પોલીસે મુદ્દામાલ શોધી કાઢી રીકવર કરેલ છે.અને આરોપી ભૂતકાળમાં બીજી જગ્યાએથી ગુન્હાઓમાં પણ સંડોવાયેલો હોવાથી તેની વધુ પુછપરછ શરુ કરેલ છે.

કિશનગઢમાં પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા. ૨

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં (કિશનગઢ જીલ્લા પંચાયત સીટ) ગુજરાત રાજ્ય પોષણ અભિયાન-૨૦૨૦ અંતર્ગત કાર્યક્રમ

યોજાયો હતો.ભિલોડા તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ અમરતભાઈ બરંડા,પુર્વ કારોબારી અધ્યક્ષ ગુલાબચંદભાઈ પટેલ,અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચો મહામંત્રી શૈલેષભાઈ મોથલીયા,નરસિંહભાઈ ભગોરા, રાજકીય,સામાજીક આગેવાનો,ગ્રામજનો સહિત વહીવટી તંત્રના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને પોષણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

એક તીર એક કમાન સબ આદિવાસી એક સમાનનો નારો ગુંજી ઉઠ્યો

સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ ધ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા. ૨

એક તીર એક કમાન સબ આદિવાસી એક સમાનનો નારો ગુંજી ઉઠ્યો હતો.સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ ધ્વારા ધરણા અને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ભિલોડા મામલતદાર કચેરી આગળ યોજાયો હતો.ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર રમણભાઈ વણકર અને અનિલભાઈ પટેલને રાજેન્દ્રભાઈ પારધી,ડા.રાજનભાઈ ભગોરા,બાબુભાઈ ખરાડી,રૂપસિંહભાઈ ડેડુન,જશુભાઈ અસારી,ચંદનભાઈ ખરાડી સહિત આદિવાસી સમાજના સામાજીક આગેવાનો,મહિલાઓ,યુવાનો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. સાચા આદિવાસીઓએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે રબારી,ભરવાડ અને ચારણને અપાયેલ ખોટા જાતિના પ્રમાણપત્ર રદ કરવા જોઈએ,તા.૨૯/૧૦/૧૯૫૬ ના રોજ પ્રેસિડેન્સિઅલ ઓર્ડરથી ગીર,બરડો અને આલેચના જંગલ વિસ્તારના નેસમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ જાતિઓનો અનુસુચિત જન જાતિમાં સમાવેશ કર્યો હતો.

(૧) નેસ વિસ્તારમાં રહેતા હોય તે સિવાયના રબારી,ભરવાડ અને ચારણ જાતિના લોકોને રાજ્ય સરકારે ખોટા પ્રમાણપત્રો આપેલ હોય તે રદ કરવા તેમજ પ્રમાણપત્ર લેનાર અને આપનાર સામે ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.

(૨) રાજ્ય સરકારે વર્ષ-૨૦૧૮ માં અનુસુચિત જન જાતિના પ્રામણપત્ર આપવા અને ખરાઈ કરવા કાયદો બનાવેલ છે પરંતુ નિયમો બનાવેલ નથી તે તાત્કાલીક અસરથી આખરી કરવા જોઈએ.

(૩) રબારી,ભરવાડ અને ચારણ જાતિ ગીર,બરડો અને આલેચ સિવાયના બક્ષીપંચમાં છે.ગીર,બરડો અને આલેચના નેસ વિસ્તારના અનુસુચિત જન જાતિમાં સમાવેશ કરેલ રબારી,ભરવાડ અને ચારણ જાતિને બક્ષીપંચ (સામાજીક અને શૈક્ષણિક પછાત) માં સમાવેશ કરવા ભારત સરકારને દરખાસ્ત કરવી.

(૪) ગુજરાત સરકાર ધ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેરબંધારણીય તમામ ઠરાવો,પરીપત્રો મુળ અસરથી રદ કરવા આવશ્યક છે.ઉપરોક્ત માંગણી મુજબ સત્વરે કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. ગુજરાત આદિવાસી યુવા એકતા પરિષદ પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું કે ખોટા આદિવાસી પ્રમાણપત્રો આપવા બાબતે તેમજ એલ.આર.ડી. ભરતી પ્રક્રિયામાં ગેરબંધારણીય પરીપત્ર રદ કરવા સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ હતી.રાજ્ય સરકાર ધ્વારા વિધાનસભામાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવાનો કાયદો બનાવ્યો હતો.કાયદાનો અમલ કરવા માટે આદિજાતિ કમીશનરના નેતૃત્વમાં સમિતિ બનાવી હતી.સમિતિએ ખોટા પ્રમાણપત્રો રદ કર્યા પરંતુ કોઈ પણ કારણોસર અથવા ભારે દબાણના કારણે રદ થયેલા ખોટા પ્રમાણપત્રો એકાદ બે તક આપી પ્રમાણપત્ર માન્ય ગણવાની કાર્યવાહી ચાલે છે.આદિવાસી સમાજ સાથે ગોર અન્યાય કર્યો છે.એલ.આર.ડી. ભરતી બાબતે એસ.સી.,ઓ.બી.સી.,એસ.ટી. મહિલાઓને અન્યાય થઈ રહ્યો છે.ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે પરંતુ રાજ્ય સરકાર ધ્વારા નિર્ણય લેવામાં આવતો નથી ? દરેક તાલુકા,જીલ્લા મથકે ધરણા પ્રદર્શન કરવાનું નક્કી કરાયું છે.માંગણી નહી સ્વીકારાય તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે જલદ આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.વિધાનસભાનો ઘેરાવો કરીને પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવાનું રણશિંગુ ફુકાઈ રહ્યું છે.

માલપુર બીએસએનએલ કર્મચારીઓનો સેવા નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨

માલપુર તાલુકામાં અલગ અલગ જગ્યાએ ભારતીય દૂર સંચાર નિગમમાં ફરજ બજાવતા ૬ કર્મચારીઓ પોતાની ફરજમાંથી નિવૃત્ત થતા આજરોજ માલપુર બ્રાહ્મણ પાંચની વાડીમાં બુએએનએલના એજીએમ આર.એમ. ગોરની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં બીએસએનએલ માલપુર વહીવટી વિભાગના હેડ વિજયભાઈ કે. પંડ્યા, નવીનચંદ્ર પંચાલ, વજેસિંહ બારીયા, નરવતભાઈ પટેલ, ગીતાબેન પંચાલ તથા જસવંતસિંહ બારીયા ટેલિફોન વિભાગમાં નિષ્ટાપૂર્વક પોતાની ફરજ બજાવી નિવૃત્ત થતા આજ રોજ તેઓની સેવાઓને હજાર સૌ કોઈ મહાનુભાવોએ બિરદાવ્યા હતા.

તમામ નવૃત્તિ લેનાર કર્મચારીઓને બીએસએનએલના એજીએમઆરએમ ગોર સાહેબે મોમેન્ટો અને પુષ્પ ગુચ્છથી સન્માન કર્યું હતું તેમજ નિવૃત્તિ લેનાર કર્મચારીઓના પરિવારજનોએ પણ પુષ્પ ગુચ્છ અને સ્મૃતિચિન્હ આપી સેવાઓને બિરદાવી સન્માન કર્યું હતું. સમારંભમાં ટેલિફોન વિભાગના એન્જીનીયર બી. એચ. રાજપૂત, અખિલ હિન્દ ત્રિવેદી મેવાડા સમાજના પ્રમુખ ભરતભાઈ જોષી, તાલુકા પંચાયત પ્રમુખ રીટાબેન પટેલ, માલપુર ગ્રામપંચાયતના સરપંચ ભારતીબેન ઉપાધ્યાય તેમજ વેપારી મંડળ ગામના અગ્રણીઓ તમામ સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી નિવૃત્તિ લેનાર તમામ કર્મચારીઓની સેવાને બિરદાવી હતી. સમગ્ર સફળ કાર્યક્રમનું સંચાલન વન પંડિત દિનેશ ઉપાધ્યાયે કર્યું હતું.

હિંમતનગર નગર પાલિકા વિસ્તારમાં ટાઉન હોલ ખાતેથી કુપોષણના કંલકને દૂર કરવા આહવાન કર્યું

હિંમતનગર, તા. ૨

રાજયવ્યાપી આરંભાયેલા પોષણ અભિયાનના ત્રીજા દિવસે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ટાઉનહોલ ખાતેથી શનિવારે જિલ્લા કલેકટર સી.જે. પટેલે પોષણ અભિયાનની શરૂઆત કરાવી હતી અને જિલ્લામાંથી કુપોષણના કંલકને દૂર કરવા આહવાન કર્યું હતું.

પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું કે રાજય સરકાર આંગણવાડી કાર્યકર, આશા અને આરોગ્ય કાર્યકરના ''પોષણ ત્રિવેણી''ના નવા અભિગમ સાથે કુપોષણના કંલકને દૂર કરવાનુ અભિયાન હાથ ધર્યું છે. જેમાં અલ્પપોષિત બાળકો જ નહિ પરંતુ સર્ગભા-ધાત્રી માતાઓ કિશોરીઓને પણ આવરી લેવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અલ્પપોષિત બાળકોને માત્ર સરકાર જ નહિ પરંતુ સમાજના શ્રેષ્ઠીઓ પણ આગળ આવે તે માટે પાલક વાલીનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેઓએ જણાવ્યું કે સમગ્ર દેશમાં ગુજરાત એ એવુ પ્રથમ રાજય છે. સરકાર દ્વારા ચલાવાતા આ અભિયાનને સફળ બનાવવા માટે માત્ર સરકાર જ નહિ પરંતુ બાળકોના માતા-પિતા અને સમાજના અન્ય અગ્રણી આગળ આવે અને સહભાગી બને.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે કુપોષણના કલંકને દૂર કરવા માટે કિશોરીઓને તંદુરસ્ત બનાવીએ જેથી ભવિષ્યમાં થનાર બાળક પણ સુપોષિત જન્મે. સાથે તેમણે ઉપસ્થિત કિશોરીઓને પણ યોગ્ય પોષણયુક્ત આહાર લેવા જણાવ્યું અને ઉમેર્યું કે આપણી કિશોરીઓ કેટલીકવાર જાડા થઈ જવાની બીકે પોષણયુક્ત આહાર લેતી નથી અને વાલીઓ પણ આ બાબતે

લાપરવા રહે છે. કલેક્ટરએ વધુમાં જણાવ્યું હતું કે કુપોષણની સમસ્યાને દૂર કરવા માટે ખાસ માતા સગર્ભા બને ત્યારથી જ તેણે યોગ્ય પોષણયુક્ત ખોરાક લેવો જોઈએ તથા શિશુના જન્મથી ૬ માસ સુધી તેને માત્ર માતાનુ ધાવણ આપવુ જોઈએ. ૬ માસ બાદ બાળકને ઘરનુ બનાવેલ ભોજન આપવુ જોઈએ. સાથે સરકારશ્રી દ્વારા આપવામાં આવતા આહારના પેકેટનો ઉપયોગ કરવો જોઈએ. આ પેકેટમાં જરૂરી વિટામિન, મિનરલ અને અન્ય જરૂરી તત્વો ઉમેરેલા હોય છે. આ પ્રસંગે કલેક્ટરએ બાળકોને અન્નપ્રાસન કરાવ્યુ અને પાલકની જવાબદારી લેનાર વાલીઓને સન્માનિત કર્યા હતા. શાળાના બાળકો દ્વારા પોષણ અદાલત નાટક થકી જન જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો હતો અને નાના-નાના આંગણવાડી ભુલકાઓએ પણ સુંદર શાકભાજીની વેશભૂષા પહેરીને પોષણનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ જયાબેન પટેલ, નગરપાલિકાના સદસ્યો, ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, આંગણવાડી-તેડાઘર બહેનો, એ.એન.એમ. બહેનો, લાભાર્થીઓ અને મોટી સંખ્યામા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કોયડમની ધનવંતરી આયુર્વેદિક કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બાયડ, તા. ૨

વીરપુર અને બાયડ પંથકમાં આયુર્વેદિક ઉપચાર માટે ખુબ જાણીતી કોયડમ ધનવંતરી આયુર્વેદિક કોલેજ ખાતે વીરપુર મામલતદાર સોલંકીની ઉપસ્થિતિમાં વિવિધ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ૭૧ પ્રજાસત્તાક દિનની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવી હતી જેમાં શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વાસેદેવ રામીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક પર્વ નિમિતે રંગોલી સ્પર્ધા, વિદ્યાર્થીઓ વચ્ચે ડિબેટ અને વિવિધ ઈન્ડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. જેમાં કોલેજના પ્રિન્સિપલ શૈક્ષણિક સ્ટાફ અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ગુજરાત કુપોષણ અભિયાન અંતર્ગત તલોદનગરપાલિકા હોલમાં કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨

તલોદનગર પાલિકાના કોમ્યુનીટી હોલમાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સગર્ભા સ્ત્રીઓને કુપોષણ અભિયાનથી બાળકોના વિકાસ અને આરોગ્યની કાળજીપૂર્વક પુરતા પ્રમાણમાં પોષણ મળી રહે તેમજ જન્મથી આજનો નવાયુગનું બાળક સશક્ત અને આરોગ્યથી વંચિત ન રહિ જાય તેની દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તલોદ પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને આંગણવાડી, બાલમંદિરો, પ્રાથમિક શાળાના નાના મોટા વિદ્યાર્થીઓ સગર્ભા સ્ત્રીઓ મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગ દ્વારા અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોને પુરતા પ્રમાણમાં પોષણ મળી રહે તેની વિગતવાર માહિતગાર કરી જન્મથી પગભેર ન થાય ત્યાં સુધીની સરકાર દ્વારા તેમના સશક્તીકરણ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ તેમના પ્રેગનેટથી માંડી ડીલીવરી સુધી સરકાર દ્વારા મળતી અનેક લાભોથી પણ માહિતગાર કર્યા હતા. નવાયુગનો બાળક આપણા દેશ માટે સશક્ત અને નિરોગી રહે તેવી ગુજરાત સરકાર દ્વારા નોંધ લેવાઈ હતી.

આ પ્રસંગે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી, ચિફ ઓફીસર સંજયકુમાર ટી. રામાનુજ, તાલુકા હેલ્થ ઓફીસર, ડૉ. મુગટ સાહેબ, પ્રાંત ઓફીસર સોનલબેન પઢેરીયા, મામલજાગદર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, સીડીપીઓ તેમજ પાલિકાના કર્મચારી વિભાગે જહેમત ઉઠાવી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.